# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-10-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

--------------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEETING GNR

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં વિકાસ સપ્તાહ, બનાસકાંઠામાં ખેડૂતોને થયેલા નુકસાનની મોજણી અંગે ચર્ચા કરવામાં આવી. સાથે જ બેઠકમાં ખેડા જિલ્લામાં જાહેર કરાયેલા નવા તાલુકા ફાગવેલનું મુખ્યમથક ફાગવેલ જ રાખવાની મંજૂરી અપાઈ છે. અગાઉ ફાગવેલનું મુખ્યમથક કાપડીવાવ જાહેર કરાયું હતું. અન્ય તાલુકામાં ગામડાઓમાં પણ ફેરફારને મંત્રીમંડળે મંજૂરી આપી છે.

. . . . . . . . . . . . .

# VIKAS SAPTAH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસયાત્રાના 24 વર્ષ નિમિત્તે રાજ્યમાં વિકાસ સપ્તાહનો આજથી પ્રારંભ થયો. ત્યારે આજે વિધાનસભા પરિસરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા મંત્રીઓ, મુખ્ય સચિવ સહિતના વરિષ્ઠ અધિકારીઓએ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા મન-વચન અને કર્મથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની સામુહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી. નાગરિકો પણ pledge.mygov.in/bharat-vikas પોર્ટલ પર ઓનલાઈન ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈને પ્રમાણપત્ર મેળવી શકશે.

. . . . . . . . . . . . .

# YUVA SASHAKTIKARAN DIVAS

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત આજે યુવા સશક્તિકરણ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. વર્તમાન પ્રધાનમંત્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2010માં  રાજ્યના યુવાનોનો રમત ગમત ક્ષેત્રે રસ વધે તે ઉદ્દેશથી ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. તેના પરિણામે 11 જેટલા ખેલાડીએ વિવિધ રમતોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રક મેળવી રાજયનું ગૌરવ વધાર્યું છે.

. . . . . . . . . . . . .

# RUSHIKESH PATEL ON SYRUP

**રાજ્ય સરકારે ધોરણ વગરની એટલે કે, નૉટ ઑફ સ્ટાન્ડર્ડ જાહેર થયેલી કફ સિરપ દવાઓનું ઉત્પાદન કરતી રાજ્યની પેઢીઓ સામે કડક પગલા લીધા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, સુરેન્દ્રનગરની મૅસર્સ શૅપ ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ અને અમદાવાદની મૅસર્સ રેડનેક્સ ફાર્માસ્યૂટિકલ્સ લિમિટેડમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તથા કેન્દ્રીય ઔષધ ધારાધોરણ નિયંત્રણ સંસ્થા – C.D.S.C.O. દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. તપાસ અહેવાલમાં દેખાયેલી ક્ષતિના આધારે બંને પેઢીને તાત્કાલિક**

**અસરથી દવાનું ઉત્પાદન બંધ કરવા આદેશ અપાયો છે. સાથે જ ગુણવત્તા વગરની દવાઓનો જથ્થો તાત્કાલિક ધોરણે બજારમાંથી પરત ખેંચવા પણ આદેશ અપાયા છે.**

**સાથે જ સાવચેતીના ભાગરૂપે બંને પેઢીમાંથી અન્ય કફ સિરપના કુલ 14 નમૂના લઈ તેને ચકાસણી માટે પ્રયોગશાળા મોકલાયા હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું.**

. . . . . . . . . . . . . .

# BHARUCH EXPRESS WAY

દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વે પરિયોજના હેઠળ ભરૂચમાં અંકલેશ્વર નજીક પુન ગામ ખાતે એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ મંજૂર કરાયા છે. આ નિર્ણયથી દક્ષિણ ગુજરાતના વાહનચાલકોને સીધો લાભ થશે. વડોદરાથી મુંબઈ તરફ જતા વાહનચાલકો હવે પુન ગામ નજીકના એક્ઝિટનો ઉપયોગ કરી ઓલપાડ-અંકલેશ્વર ધોરીમાર્ગ મારફતે સુરત જઈ શકશે. તદ્દુપરાંત, મુંબઈથી વડોદરા તરફ જતા વાહનચાલકો પણ ધોરીમાર્ગ પરથી આ એક્સપ્રેસ હાઇવેમાં પ્રવેશ મેળવી શકશે.

. . . . . . . . . . . . . .

# GANDHINAGAR RTO

ગાંધીનગર પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી દ્વારા કૃત્રિમ બુદ્ધિમત્તા AI ટેકનોલોજીથી વાહન ચલાવવાની પરીક્ષા  લેવાશે. તે માટે કચેરીમાં AI કેમેરા

લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્રણાલિ શરૂ થતાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થશે તેમ સહાયક RTO નિરીક્ષક ડી બી વણકરે જણાવ્યું.

(બાઈટ : ડી બી વણકર, ARTO)

. . . . . . . . . . . . . .

# DIU FISHERMAN

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘરા બંદરની હોડીમાં માછીમારી કરવા ગયેલા માછીમાર ભીખા રામભાઈ વાજાનો મૃતદેહ મળી આવ્યો છે.

અમારાં પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે, ઉના તાલુકાના નાંદણ ગામના આ માછીમાર ગત ત્રણ દિવસથી દરિયામાં ગુમ હતા. ચાર દિવસ પહેલા એક ખલાસી હોડીમાંથી તેઓ દરિયામાં પડી ગયા હતા. જોકે, ગઈકાલે રાત્રે 12 વાગ્યાની આસપાસ છ નૉટિકલ માઈલ દૂર દરિયામાંથી તેમનો મૃતદેહ મળતાં તેને ઘોઘલા જેટી ખાતે લવાયો હતો. પોલીસ કાર્યવાહી તથા પૉસ્ટમૉર્ટમ બાદ તેમના મૃતદેહને તેમના પરિવારને સોંપાશે.

. . . . . . . . . . . . .

# RAIN IN DISTRICTS

રાજ્યમાં મેઘરાજાની વિદાય વચ્ચે આજે સવારે 10 વાગ્યા સુધી 38 તાલુકામાં વરસાદના અહેવાલ છે. સૌથી વધુ એક ઇંચ જેટલો વરસાદ નવસારીના ગણદેવી તાલુકામાં નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 118 ટકા વરસાદ થઈ ગયો છે. તો વરસાદની આગાહીને લઈ માછીમારોને 10 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

બીજી તરફ, રાજ્યના કેટલાક જિલ્લામાં આજે વરસાદ થયો. તાપીમાં વ્યારા, બાજીપુરા, વાલોડ, ડોલવણ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ 56 સહિતના વિસ્તારમાં ધીમી ધારે વરસાદ વરસ્યો. જોકે, વરસાદને લઈ ડાંગર પકવતા ખેડૂતોની ચિંતા વધી છે.

છોટા ઉદેપુરમાં પણ મધરાતથી વરસાદ શરૂ થતાં અત્યાર સુધી સૌથી વધુ સવા એક ઇંચ જેટલો વરસાદ કવાંટ તાલુકામાં થયો છે. મકાઈ, અડદ, સોયાબિન, ડાંગર સહિતના પાકની લણણીના સમયે વરસાદ થતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. તો પંચમહાલના ગોધરા પંથકમાં રાત્રે વરસાદ થતાં લોકોને ગરમીમાંથી રાહત મળી છે.

. . . . . . . . . . . . .